# પ્રતિષ્ઠિત 'સ્ટેડિયમ ઓફ ધ યર' પુરસ્કાર માટે ધ અરેના બાય ટ્રાન્સસ્ટેડિયા નામાંકિત થયું



અમદાવાદ: ભારતમાં પોતાના તરફથી એક માત્ર બહુઉદ્દેશીય વિશ્વસ્તરીય ખેલ સંરચના- ધ અરેના બાય ટ્રાન્સસ્ટેડિયાને પ્રતિષ્ઠિત 'સ્ટેડિયમ ઓફ ધ યર' પુરસ્કાર માટે નામાંકિત કરવામાં આવ્યાં છે. સ્ટેડિયમ ડીબી ડોટ કોમ દ્વારા આપવામાં આવેલા આ પ્રતિષ્ઠિત પુરસ્કાર માટે પાછલાં ૮ વર્ષમાં નામાંકન મેળવવા વાળું ધ અરેના બાય ટ્રાન્સસ્ટેડિયા પહેલું ભારતીય સ્ટેડિયમ છે. ધ અરેના બાય ટ્રાન્સસ્ટેડિયા સ્ટેડિયમને બીજા ૨૭ જેટલા સ્ટેડિયમ જોડે આંકલન કરવામાં આવ્યું હતું. સ્ટેડિયમ ડીબી ડોટ કોમ અને સ્ટેડિયમ ડોટ નેટ દ્વાર જે પુરસ્કાર આપવામાં આવશે ને સૌથી મહત્વનું પરસ્કાર છે. ધ અરેના બાય ટ્રાન્સસ્ટેડિયા નામંકનની બધી લાયકાતોને પુરી કરે છે. આમાથી અમુક લાયકાતો પુરી કરવી ખુબ કઠીન હતી. લાયકાતોની પ્રથમ લાયકાત એવી હતી કે ઓછામાં ઓછી એક એવી ઇવેન્ટ યોજવામાં આવી હોય કે જ્યાં તમામ સ્ટેન્ડ પ્રેક્ષકોથી આરક્ષીત હોય. આવી ઇવેન્ટ મુખ્યત્વે ફૂટબોલ જેવી રમતોમાં માટે હોય છે, જેમાં સ્ટેડિયમ પુર્ણપણે આરક્ષિત હોય ને ફૂટબોલની રમત માટે યોગ્ય હોય. ધ અરેના બાય ટ્રાન્સસ્ટેડિયાના સ્થાપક અને મેનેજિંગ ડિરેક્ટર ઉદિત શેઠે કહ્યું "સ્ટેડિયમ ઓફ ધ ઇયરનો ખીતાબ જીતવા માટે નામાંકનમાં નામ હોવું એ એક અલગ પ્રકારનો રોમાંચ છે. અમારી પંસદગી કેટલાક શ્રેષ્ઠ અને પ્રસિદ્ધ સ્ટેડિયમ સાથે કરવામાં આવી હતી. આજ સાચા અર્થમાં મેક ઇન ઇન્ડિયા પ્રોજેક્ટ છે, જેમાં એવી ટેકનીકનો ઉપયોગ કરવામાં આવ્યો હતો કે આજ સુધી ભારતમાં રમતના વિકાસમાં આ પહેલા ક્યારે નથી થયો. અમે ઇચ્છીએ છે કે ભારત અમારુ સમર્થન કરે જેનાથી અમે આ પ્રતિષ્ઠિત પુરસ્કાર પોતાના દેશમાં લાવી શકીએ." ધ અરેના બાય ટ્રાન્સસ્ટેડિયા ૧૯ વિવિધ રમતોથી જોડાયેલ વિશ્વસ્તરીય સુવીધાઓથી સજ્જ છે અને ભારતના પહેલા સૌથી મોટા એકીકૃત બહુ ખેલ સુવિધા (સંરચના)ના રુપમાં સ્થાપિત થઇ ચુક્યું છે.